# નવો સ્ટોર્મવૉટર ચાર્જ

બ્રેમ્પ્ટનનો સ્ટોર્મવૉટર ચાર્જ જૂન 1, 2020 થી અમલી બનશે અને મોટા ભાગના મિલકત માલિકો પોતાના પાણીના બિલો પર પહેલા સ્ટોર્મવૉટર દરો ઓગસ્ટ 2020 માં જોશે.

## સ્ટોર્મવૉટર શું હોય છે?

સ્ટોર્મવૉટર, જેને રનઓફ પણ કહેવામાં આવે છે, તે વરસાદ અને ઓગળેલા બરફનું પાણી હોય છે જે આપણી મિલકતોમાંથી આપણી સ્ટ્રીટ્સ પર વહીને સ્ટોર્મવૉટર મેનેજમેન્ટ સિસ્ટમમાં જાય છે જેમાં 1400 કિલોમીટરથી વધારે સ્ટોર્મ ગટર પાઇપો અને 180 સ્ટોર્મવૉટર તળાવો સામેલ છે.

## મારે આ ચાર્જ ચૂકવવો કેમ પડશે?

બ્રેમ્પટન $1 બિલિયન ઉપરાંત મૂલ્યનું સ્ટોર્મવૉટર માળખું ધરાવે છે જે તમારી મિલકત અને આપણાં પર્યાવરણને સંરક્ષણ પૂરું પાડે છે. આને જાળવવાનો ખર્ચ વર્ષે $23 મિલિયન જેટલો થાય છે. સ્ટોર્મવૉટર ચાર્જ ખાતરી કરાવશે કે અમે જાહેર સુરક્ષા વધારતી, પૂર અને ધોવાણ ઘટાડતી, અને મિલકત અને પર્યાવરણને સંરક્ષણ આપતી સ્ટોર્મવૉટર સેવાઓ માટે સમર્પિત અને કાયમી ભંડોળ પૂરું પાડી શકીએ છીએ.

## મારે શું ચૂકવણી કરવી પડશે?

વાર્ષિક સ્ટોર્મવૉટર ચાર્જ (વરસાદી પાણીનો દર) મોટા ભાગના મિલકત માલિકો માટે પાણીના બિલ પર ચાર હપ્તામાં બિલમાં ઉમેરવામાં આવશે. આ ચાર્જ તમારી મિલકતમાંથી સ્ટોર્મવૉટર વહેવાના પ્રમાણ પર આધારિત રહે છે. તમારી મિલકત પર જેટલી વધારે સખત સપાટી હોય, સ્ટોર્મવૉટરનું એટલું ઊંચું પ્રમાણ તમારી મિલકતમાંથી વહેશે.

# સિંગલ-ફેમિલીની રહેણાંક મિલકતો

## મિલકતની શ્રેણી આધારિત એક ફ્લેટ રેટ (અચળ દર).

| રહેણાંક મિલકત શ્રેણી | છત વિસ્તારનું કદ (મી$^2$) | અચળ દર (વર્ષ દીઠ) |
|---|---|---|
| બહુ નાની | 23.4 - 105 | $ 44.50 |
| નાની | 106 - 140 | $ 62.30 |
| મધ્યમ | 141 - 220 | $ 89.00 |
| વિશાળ | 221 - 250 | $ 115.70 |
| બહુ વિશાળ | 250 થી વધારે | $ 160.20 |

# બિન-રહેણાંક અને મલ્ટી-ફેમિલી રહેણાંક

## ચાર્જ કરેલી રકમ દરેક મિલકત માટે ચોરસ મીટર દીઠ સખત સપાટી પર આધારિત હોય છે

| મલ્ટી-ફેમિલી રહેણાંક/ બિન-રહેણાંક મિલકત શ્રેણી | એકમ દર (વર્ષ દીઠ) |
|---|---|
| ચોરસ મીટર દીઠ | $0.38 |

સ્ટોર્મવૉટર ચાર્જનો અંદાજ કાઢતું એક ઓનલાઇન ટૂલ તમને તમારા સરનામા માટે શોધ કરવા દેશે, અને તમારા સ્ટોર્મવૉટર ચાર્જની ગણતરી જે રીતે કરવામાં આવે છે તેને પારખશે.

## જો મારી પર ખોટી રીતે ચાર્જ લગાવવામાં આવે તો શું?

જો તમને ખોટી રીતે અથવા ભૂલથી, ચાર્જ લગાવવામાં આવે તો, તમને સુધારા માટે એક વિનંતી ફાઇલ કરવાની છૂટ મળશે.

## શું કોઇ ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ છે?

ચોક્કસ મિલકતો ફીમાં સબસિડી (સહાયકી) કે ઘટાડો મેળવવાને પાત્ર બની શકે.

## મારા બિલ પર શું બતાવવામાં આવશે?

રીજીયન ઓફ પિલનું પાણીનું બિલ નીચે મુજબ બતાવશે:
- બ્રેમ્પટન સ્ટોર્મવૉટર ચાર્જ
- વસૂલવામાં આવતો રોજીંદો દર
- બિલ કરેલા દિવસોની કુલ સંખ્યા
- સ્ટોર્મવૉટર ચાર્જને લાગુ કરેલા કોઇ ઘટાડાઓ, અને
- ચૂકવવાની કુલ સ્ટોર્મવૉટર ચાર્જ રકમ.

સ્ટોર્મવૉટર ચાર્જ પર વધુ માહિતી મેળવવા વેબસાઇટ જુઓ,
www.brampton.ca/stormwater

3-1-1

30270-I-0079

BRAMPTON

20-0556